**ટ્રેનીંગ** | **કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ-19 હેઠળ 5 દિવસીય લીડરશીપ ટ્રેઇનીંગ પ્રોગ્રામ સંપન્ન**

# નેતૃત્વ શક્તિ વિકસાવવા વર્કશોપ: 15 કોલેજે ભાગ લીધો

ભાસ્કર ન્યૂઝ| ગાંધીનગર

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ -19 હેઠળ 5 દિવસીય લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામમાં કેમ્પસની 15 કોલેજના સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો. યુવા વિદ્યાર્થીઓ તમામ ક્ષેત્રોમાં અને સફળતા અને સંતુલનપૂર્વક જીવી શકે તેની સાથે સામાજિક, વ્યાવસાયિક, બૌદ્ધિક તથા નેતૃત્વ શક્તિનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી નિષ્ણાંતો દ્વારા સ્ટુડન્ટ્સે તાલીમ અપાઈ હતી. યુવાનોમાટેના આ વર્કશોપમાં યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ પ્રેઝન્ટેશન અને જુથ સંવાદનું આયોજન કરાયુ હતું. જેમાં નિષ્ણાંત તરીકે સુરેશભાઈ પટેલે સ્ટુડન્ટ્સને રચનાત્મક વિકાસ માટે તાલીમ આપી હતી. ઉડાન ફાઉન્ડેશનના નિષ્ઠાબેન ઠાકર અને રોડ સેફ્ટી નિષ્ણાંત તરીકે અમિતભાઈ ખત્રીએ માર્ગદર્શન આપ્યુ હતું.



કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની 15 કોલેજના સ્ટુડન્ટ્સ માટે સર્વ નેતૃત્વ-19 હેઠળ 5 દિવસીય લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામનું સમાપન થયુ છે. જેમાં મોટી સંખ્યામાં વિવિધ કોલેજના સ્ટુડન્ટ્સે ભાગ લીધો હતો. તસવીર - કલ્પેશ ભટ્ટ

વિદ્યાર્થીઓ નાની-નાની સમાજસેવી પ્રવૃતિ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય તે માટે યોજાયેલા લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામમાં ઉડાન ફાઉન્ડેશના નિષ્ણાંતે યુવાનોને વિવિધ પ્રવૃતિઓ જેવી કે ટેલેન્ટ ઈવેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કીંગની ક્ષમતાને બહાર લાવવાના પ્રયાસો કરવા અંગે માર્ગદર્શન આપ્યુ હતું. પ્રોગ્રામના સમાપન સમારોહમાં સંસ્થાના ચેરમેન વલ્લભાઈ પટેલે જણાવ્યું હતું કે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાના ઉત્થાન માટે જે રીતે કાર્ય કરી રહ્યાં છે, તેવી રીતે આજના યુવાન આદર્શ વિદ્યાર્થી સાથે-સાથે આદર્શ નાગરિક બની સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી બની શકે છે. સમાપન પ્રસંગે સંસ્થાના મંત્રી ડૉ. મણીભાઈ પટેલ, આચાર્ય કનુભાઈ પટેલ અને સર્વ નેતૃત્વના કો-ઓર્ડીનેટર ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

Scanned by CamScanner

## કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૧૯મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧
કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત ૧૯મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ (લીડરશીપ ટ્રેઈનીંગ ોગ્રામ) તા. ૨૩ થી ૨૭ નવેમ્બર,૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન, રાષ્ટ્રીયતા અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબેન ઠાકર અને રોડ સેફટી નિષ્ણાત અમિતભાઈ ખત્રી દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવવામાં આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નાની નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત 'મંથન અપંગ કન્યા સેવા સંકુલ'ની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સંસ્થાનાં સંચાલક નીરૂબેન રાવલ અને તેમની ટીમ દ્વારા દિવ્યાંગ, માનસિક વિશિષ્ટ બહેનો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને તેમની સાથે વિદ્યાર્થીઓની મુલાકાત પણ કરાવવામાં આવી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને પૂ. છગનભાના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યક્ત કરી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી ડૉ. મણિભાઈ પટેલ, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના આચાર્ય કનુભાઈ પટેલ પણ તાલીમાર્થીઓનો ઉત્સાહ વધારવા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્ત્વ કાર્યક્રમના સંયોજક ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક પ્રા. નરેન્દ્રભાઈ નાઈ, લાયબ્રેરીયન અંજનાબેન બારોટ તથા પ્રા. પાર્થ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

Scanned by CamScanner